# જાહેર ખબર

આથી સંબંધિત ઈસમો/પાર્ટીઓ/ઇજારદાર ભાઈઓને જાણ કરવામાં આવે છે કે, અત્રેની કચેરી હસ્તકના ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ હેઠળના ફાર્મના પ્લોટ નં. ૪૯-બી માં સીતાફળી તથા કાગદી લીંબુના ફાલની (પાકા ફળ ઉતારવાની) જાહેર હરરાજી નીચેની વિગતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા તમામ ઈસમો/પાર્ટીઓ/ઇજારદાર ભાઈઓને હરરાજીમાં ભાગ લેવા હાજર રહેવા આ જાહેર ખબરથી જાણ કરવામાં આવે છે.

હરરાજીનું સ્થળ : ઇન્સ્ટ્રકશનલ ફાર્મ            હરરાજીની તારીખ :૧૩/૦૮/૨૦૨૪ સમય : સવારે ૧૦ : ૦૦ કલાકે

૧) હરરાજીમાં ભાગ લેવા માટે હરરાજી શરુ થતા પહેલા રૂ.૨૦૦૦/- ડીપોઝીટ પેટે કચેરીમાં સ્થળ પર જમા કરાવવાના રહેશે. જે રકમ ઈજારો રાખનાર ઇસમોની ડીપોઝીટમાં મજરે અને બાકીના ઇસમોને હરરાજી પૂર્ણ થતા પરત કરવામાં આવશે.

૨) જેની માંગણી મંજુર થશે તેણે હરરાજીની માગણીની કુલ રકમનાં ૧૦% ડીપોઝીટ તરીકે સ્થળ પર તરત જ જમા કરાવવાની રહેશે.

૩) સીતાફળી-કાગદી લીંબુનો ફાલ કચેરીના ચાલુ દિવસ દરમ્યાન ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, ઇવનગર રોડ,એન.આર.સી.જી. સામે રૂબરૂ જોઈ શકાશે.

૪) સીતાફળી-કાગદી લીંબુના ફળ ઉતારીને લઇ જવાની હરાજ્જીની બોલી સ્થળ પર બોલવાની રહેશે. જેની નોધ લેવા વિનંતી.

૫) હરરાજી ની અન્ય શરતો હરરાજી વખતે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

ફળાઉ સીતાફળી-કાગદી લીંબુનોનાં ઝાડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | ઝાડની વિગત | પ્લોટ નં./સ્થળ | ઝાડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સીતાફળી | પ્લોટ નં ૪૯-બી | ૪૩૫ (નાના મોટા) |
| ૨ | કાગદી લીંબુ | પ્લોટ નં ૪૯-બી | ૪૨૫ (નાના મોટા) |

જાં.નં. જુ.કૃ.યુ./કૃઈટેકો/સોવોકએ/ફાર્મ/1001-10 /જુનાગઢ

તા. ૨૩/૦૭/૨૦૨૪

પ્રાધ્યાપક અને વડા
જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ

નકલ સવિનય રવાના જાણ થવા સારું પ્રતિ......

૧. સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ

૨. આચાર્યશ્રી,કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ, જુ.કૃ.યુ., જુનાગઢ

નકલ સવિનય રવાના જાણ થવા તેમજ પ્રતિનિધિને હાજર રહેવા સારું.......

૧) સંશોધનનિયામકશ્રી,નાપ્રતિનિધિ, સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ

૨)આચાર્યશ્રી,બાગાયત મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જુનાગઢ

૩) પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

૪) પ્રાધ્યાપક અને વડા,(એગ્રી.બોટાની) વનસ્પતિ શાસ્ત્રવિભાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

૫) પ્રધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

૬) ફાર્મ મેનેજરશ્રી, સાગડીવીડી ફાર્મ, જુ.કૃ.યુ., જુનાગઢ

૭)ફાર્મ મેનેજરશ્રી, ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, કૃ.ઈ.ટે.કો., જુ.કૃ.યુ., જુનાગઢ

નકલ સવિનય સાથ રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે.

૧) આ કચેરીના નોટીસ બોર્ડ પર

૨) આઈ.ટી.સેલ. વિભાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

૩) મામલતદારશ્રીની કચેરી, સરદારબાગ, જુનાગઢ

૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી ની કચેરી સરદારબાગ, જુનાગઢ

૫) સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ટીંબાવાડી, ઇવનગર, સેલરા, વાડલા, પાદરીયા

૬) સંબંધિત ઇસમો નેટ પર બહોળી પ્રસિદ્ધિ અર્થે.

૭) સિક્યુરીટી ઓફિસરશ્રી, મોતીબાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

# શરતો

૧) જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે ઈસમો/પાર્ટીઓએ હરરાજી શરૂ થતા પહેલા માંગણીપાત્ર થવા માટે રૂ.૨૦૦૦/- ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. જે રકમ હરરાજી પૂરી થયે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨) જેની બોલી માન્ય રહેશે તેણે માગણીની કુલ રકમની ૧૦% રકમ ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરાવવાની રહેશે જે રકમ મુદત પૂરી થયે અને ફાર્મમાં કોઈ નુકશાન ન થયાનું યોગ્ય અધિકારીનું પ્રમાણપત્ર મળ્યે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૩) ઇજારદારે ફળ કચેરી સમય દરમ્યાન કેમ્પસ બહાર લઇ જવા માટે આ કચેરીએથી નિયત ગેટ પાસ મેળવી લેવાનો રહેશે.

૪) આ ઈજારો ફક્ત સીતાફળી-કાગદી લીંબુનાં ફળ ઉતારીને લઇ જવાનો છે.

૫) સીતાફળી-કાગદી લીંબુ ના ફળ ઉતારીને લઇ જવાની મુદત ફાલ પૂરો થતા સુધીની રહેશે.(તા. ૩૧/૦૧/૨૦૨૪)

૬) સીતાફળી-કાગદી લીંબુનાં ઝાડને શક્ય તેટલું ડ્રીપ પધ્ધતિથી પાણી આપવામાં આવશે. આ કેન્દ્રના ઇલેક્ટ્રિક મોટર કે એન્જીનમાં ખોટકો થશે ત્યારે પાણી આપવાનું બંધ થશે અને આ સાધનો રીપેર થયા બાદ આ કેન્દ્રનાં સીઝનલ પાકોને પાણી આપીને જ ફળઝાડને પાણી આપવામાં આવશે.

૭) સીતાફળી-કાગદી લીંબુના ઝાડને નિંદામણ તથા દવા છાંટવાની કામગીરી ઇજારદારે કરવાની રહેશે. કચેરી તરફથી માત્ર વાર્ષિક ભલામણ મુજબનું રાસાયણિક ખાતર જ આપવામાં આવશે.

૮) જેમની બોલી માન્ય રહેશે તે ઈજારરો રાખનાર ઇજારદારે ઈજારાની પૂરી રકમ એકજ હપ્તે ભરવાની રહેશે. જેનો ઈજારો મંજુર થાય તેની કુલ રકમ દિવસ-૧૫ સુધીમાં ભરી દેવાની રહેશે. અને કચેરીમાં નાણા ચેક અથવા ડીડી થી ભરવાના રહેશે. નાણા ભર્યા ની નિયત પહોંચ મેળવી લેવી. ઈજારાની પુરેપુરી રકમ ભરપાઈ થયા બાદજ ફળ ઉતારવા દેવામાં આવશે. નિયત મુદતમાં ઈજારાની રકમ ભરપાઈ કરવામાં નહી આવે તો ઈજારો રદ થશે અને ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે.

૯) ઝાડને ફળ ઉતારતા નુકશાન થશે અથવા ઈરાદાપૂર્વક નુકશાન કરવામાં આવશે તો નુકશાનીની રકમ ડીપોઝીની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૦) વાવાઝોડા, અતિવૃષ્ટિ કે કોઈ પણ પ્રકારની આસમાની નુક્શાનીના કારણોસર ફળ ઝાડ કે ફળમાં કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી આ કચેરી કે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની રહેશે નહી.

૧૧) બાગમાં રાખવામાં આવેલ રખોલીયાનાં નામ સરનામાં આ કચેરીમાં રજુ કરવાના રહેશે. આ માણસોની વર્તણુક યુનિવર્સિટી કે આ વિભાગના હિતને નુકશાન કર્તા જણાશે તો તેવા માણસોને છુટા કરવાના રહેશે.

૧૨) બાગ કે પ્લોટમાં લીલા સુકા લાકડા કે ઘાંસ પર ઇજારદારનો કોઈ હક્ક રહેશે નહી.

૧૩) ઝાડ પરથી ફળ લઇ જવાનો સમય સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦ થી ૬.૦ સુધીનો રહેશે.

૧૪) જેની પાસે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું લેણું હશે તેઓ હરરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૧૫) ઇજારદાર ઈચ્છા ધરાવતા હશે તો પણ આ ઈજારો ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહી.

૧૬) ઝાડ સાથે કામ કરનાર ઇજારદાર અથવા તો તેમના માણસોને કોઈપણ પ્રકારનો અકસ્માત નડે તો તેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

૧૭) ઇજારદારને રહેવા માટે અત્રેથી કોઈ સુવિધા ઉપલબ્ધ થશે નહી.

૧૮) જાહેર હરરાજીમાં બોલવામાં આવેલ બોલી માન્ય રાખવી કે નહી તેની અબાધિત સત્તા હરરાજી કમિટીની રહેશે. અને બોલવામાં આવેલ બોલી યોગ્ય નહી લાગે તો હરરાજી રદ કરવામાં આવશે.

૧૯) જંગલી પશુઓ/પક્ષીઓ તેમજ અન્ય રક્ષણ માટે બગીચા કે ફાર્મમાં કોઈપણ પ્રકારના સ્ફોટક/ઝેરી પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહી.

૨૦) ફાર્મ કે બગીચામાં રાત્રીના સમય દરમ્યાન નોંધાયેલા વાહનોની અવર-જવર થઇ શકશે. આવા વાહનોની નોંધ સિક્યુરીટી ઓફિસે કરાવી લેવાની રહેશે.

૨૧) આ શરતો અમને વાંચી સંભળાવવામાં આવેલ છે અને જે અમોને માન્ય છે તે બદલ અમોએ નીચે સહી કરી આપેલ છે.

૨૨) જે તે પાર્ટીને ઈજારાના ભાવ મંજુર થાય તેને ડીપોઝીટની તથા ઈજારાની રકમ ચેક દ્વારા ભરવાની રહેશે.

સ્થળ : જુનાગઢ

તારીખ : ૨૩/૦૭/૨૦૨૪

પ્રાધ્યાપક અને વડા
જમીન અને જળ સંરક્ષણ ઈજનેરી વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જુ.કૃ.યુ., જુનાગઢ